# 70

## વડોદરા અને તાપી જિલ્લામાં કૂપોષિત બાળકો

*15/4/502 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર**(કાંકરેજ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| વડોદરા | ૨૦૫૪૫ |
| તાપી | ૮૩૩૯ |

| | | | |
|---|---|---|---|
| (૨) | તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) | તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| વડોદરા | ૧૬૩૬૨ | ૪૧૮૩ | ૨૦૫૪૫ |
| તાપી | ૬૭૪૬ | ૧૫૯૩ | ૮૩૩૯ |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને | (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| વડોદરા | ----- | ૬૪૨૮ |
| તાપી | ----- | ૨૪૦૬ |

| | | | |
|---|---|---|---|
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં? | (૪) | ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે

- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.

- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.

- તાપી જિલ્લાના તમામ તાલુકાઓમાં દુધ સંજીવની યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇટ દૂધ આપવામાં આવે છે.

-------------------------------------------------